ગાંધીનગર મહાનગર વોર્ડ ૯ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી) કુડાસણ વસ્તી આયોજિત રન ફોર નેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા ગાંધીનગર શહેર/જિલ્લા પ્રમુખ સુનીલભાઈ ત્રિવેદી તથા શંભુભાઈ પટેલ, અશોકભાઈ દવે, તેમજ વરિષ્ઠ સંઘનાં સંચાલકો દ્વારા દોડને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

ટીબી જેવી ઘાતક બિમારીને હરાવતી પ્રાંતિયા ગામની ૧૨ વર્ષીય દિકરી..!!

ગાંધીનગર, તા.૧૩

ઘરના આંગણે કિલકિલાટ કરતી દિકરી સમગ્ર પરિવારને જોડી રાખવા સાથે તમામ સભ્યો માટે ખુશીનું કારણ બની જતી હોય છે. આવા હસતા ખેલતા પરિવારમાં જો દિકરી પર અચાનક કોઈ સંકટ આવી ચડે ત્યારે પરિવારનું સુખ છીનવાઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે વસતા એક પરિવારમાં આ પ્રકારની જ પરિસ્થિતિ સર્જાવા પામી હતી જ્યારે પરિવારની દિકરી જ્હાનવીના ગળામાં જીવલેણ બની શકે તેવી ગાંઠ સર્જાઈ હતી. જોકે પ્રભુનો પાડ કે આ દિકરીની ગાંઠનું જટીલ ઓપરેશન સમયસૂચકતા સાથે પાર પડ્યું અને દિકરીનો જીવ બચી જવા પામ્યો.

પ્રાંતિયા ગામના ભરતજી ઠાકોરની ૧૨ વર્ષની દીકરી જ્હાનવીના ગળામાં ગત વર્ષે એક નાનકડી ગાંઠ જોવા મળી હતી જેના કારણે ચિંતામાં મૂકાયેલા માબાપે સ્થાનિક આશાવર્કર સોનલબેન અને આરોગ્ય કર્મચારી વિશ્વજીત પટેલ અને પ્રફુલ્લાબેન ખરાડીની મદદથી આરોગ્ય અધિકારી ડો.આશિષ પટેલ પાસે પ્રાથમિક તપાસ કરાવવી કેમકે આશાબેનને આ ગાંઠ ટીબીની હોવાની શંકા ગઈ હતી. પ્રાથમિક તપાસમાં ગાંઠનો એક્સ રે રિપોર્ટ પણ નોર્મલ આવ્યો હતો પરંતુ જ્હાનવીના ગળાની ગાંઠ ધીમે ધીમે મોટી થઈ રહી હતી તેથી તેનો બાયોપ્સી કરવાની તબીબે સલાહ આપી હતી. આ દરમ્યાન માબાપે સ્થાનિક ખાનગી તબીબની પણ સલાહ લીધી હતી જેમણે આ ગાંઠને ઓપરેશનથી દૂર કરવી પડશે તેમ જ લાંબો સમય સુધી દીકરીએ દવા પણ ખાવી પડશે તેવી વાત કરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. એક તરફ નબળી આર્થિક પરિસ્થિતિ અને બીજી તરફ દીકરીના જીવ પરનું જોખમ માબાપની અકળાવી રહ્યું હતું ત્યારે તાલુકાના ટીબી રોગના સુપરવાઈઝર મયંકભાઈ સહિતના આરોગ્ય કર્મચારીઓની સમજાવટ અને માર્ગદર્શન બાદ જ્હાનવીની સારવાર શરૂ કરી દેવામાં આવી હતી કેમકે તેને તાવ અરુચિ અને અશક્તિ જેવી તકલીફોમાં વધારા સાથે તેની પરિસ્થિતિ કથળી રહી હતી. અંતે તબીબ સહિતના આરોગ્ય કર્મચારીઓના પ્રોત્સાહન અને સતત માર્ગદર્શનના સહારે દીકરીનાં મા-બાપે હિંમત રાખી અને દિકરીના ગળામાંથી ટીબીની ગાંઠ દૂર કરવામાં આવે તેમજ તેને પોષ્ટિક આહાર સાથે ટીબીની દવા આપીને સતત સારસંભાળ લેવામાં આવે જેના પગલે જ્હાનવી મોટા જોખમમાંથી ઉગરી જવા પામી હતી. જ્હાનવીનું વજન ૩૫ કિલો હતું તે પણ હવે વધીને ૪૧ કિલો પંહોચ્યું છે અને ટીબી જેવી ઘાતક બીમારીને હરાવી ચુકી છે.

ગાંધીનગરનું ગૌરવ

ફાર ઈસ્ટ રશિયા તરીકે ઓળખાતા સખાલિન આયર્લેન્ડમાં પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉત્તેજનને

લઈ આ રાજ્યના પ્રવાસન વિભાગે ગાંધીનગરના મેહુલ રાવલની નિયુક્તિ કરી છે. કુદરતી ગેસ અને તેલનો વિપુલ જથ્થો આ વિસ્તારમાંથી ભારતને મળે છે અને ભારતનું લગભગ ૬૦ હજાર કરોડ જેટલું મૂડીરોકાણ છે.

રાજ્યમાં કોરોનાના નવા ૩૭ કેસ

ગુજરાતમાં કોરોનાના નવા આંકડા આજે સામે આવ્યા હતા. જેમાં કોરોનાના નવા ૩૭ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૬૦ દર્દી સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૧૨૪ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૬ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના કુલ ૧૫,૯૨૩ ડોઝ અપાઈ ચુક્યાં છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૫૩૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૩૧ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૧૨૧૨૪ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦૯૩૮ નાગરિકોના મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા આવેલા કેસની જિલ્લાનુસાર વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩, વડોદરા કોર્પોરેશનમાં ૧૦, તાપી અને વડોદરામાં ૩-૩ અને મોરબી-સુરત કોર્પોરેશનમાં ૨-૨, અમદાવાદ, ડાંગ, ગાંધીનગર કોર્પોરેશન અને નવસારીમાં ૧-૧ કેસ નોંધાયા છે. જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૭૦૯ ને પ્રથમ અને ૮૪૩૪ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના કિશોરો પૈકી ૧૮૧ ને રસીનો પ્રથમ જ્યારે ૨૭૩૫ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૨૮૬૪ નાગરિકોને પ્રિકોર્શન ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૧૫,૯૨૩ ડોઝ જ્યારે અત્યાર સુધીમાં કુલ ૧૦,૩૯,૭૩,૯૯૦ ડોઝ અપાઈ ચુક્યાં છે.

પરિશ્રમ અને પ્રામાણિકતાથી જીવતા પ્રત્યેકનું સન્માન જરૂરી

શહેરમાં નાના વેપારીઓને વેપાર-ધંધામાં અસામાજિક તત્વોનો આતંક વધ્યો : ફૂટપાથ પર વસતા વેપારીઓને સરેઆમ ધમકીઓ મળવાની ફરિયાદો

ગાંધીનગર, તા. ૧૩

પરિશ્રમ, પુરૂષાર્થ, શ્રમ કે મહેનત જેનું માનવ જીવનમાં ખૂબ જ મહત્વ છે. શહેરમાં પોતાની રોજી-રોટી કમાવવા માટે વેપારીઓ કમર કસીને મહેનત કરીને નાનો મોટો ધંધો વર્ષોથી કરતા આવ્યા છે. પરિશ્રમ એ જ પારસમણિને સાર્થક કરતા આ વેપારીઓ તડકો હોય, ભારે વરસાદ હોય કે કડકડતી ઠંડી હોય તેમનો પુરૂષાર્થ ક્યારેય પણ ડમગમતો નથી. તેમના પરિશ્રમરૂપી પારસમણીને કેટલાક માણસો આ વેપારીઓને નુકસાન કરવા માટે તૈયાર રહેતા હોય છે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ પરિશ્રમનો મહિના ગવાયો છે. ગીતા કહે છે મનુષ્યને શ્રમ કર્યા વગર કદી ખાવુ જોઈએ નહી પરિશ્રમ તો કરવો જ પડે છે. સદીઓથી પુરૂષાર્થનો મહિમા ગવાતો આવ્યો છે. અમીર હોવા છતાં પણ જેની ધનલાલસા ઓછી નથી થઈ તે સૌથી વધુ ગરીબ છે.

નાના વેપારીઓ સાથે અત્યાચાર ક્યાં સુધી ? એકવીસમી સદીમાં પણ નાના વેપારીઓને ગુલામી સહન કરવી પડી રહી છે. જેમ અંગ્રેજોની ગુલામી આપણા દેશને ઘણા વર્ષો સુધી સહન કરવી પડી તેમ આ નાના વેપારીઓ કેટલાક અધિકારીઓની ગુલામીમાં સપડાયેલા જોવા મળે છે. ગરીબોની લાચારીનો દૂર ઉપયોગ કરીને આ અધિકારીઓ મનફાવે તેમ વસુલી કરવાની, મનફાવે તેમ વ્યવહાર કરવાનો, મનફાવે તેમ વેપારીઓનો ધંધો ચોપટ કરવાનો, મનફાવે તેમ દુકાનમાંથી સામાન લેવાનો, મનફાવે તેમ મફતિયો વ્યવહાર ચલાવવાનો આ બધુ ગાંધીનગરમાં કેટલાક અંશે વ્યાજબી લાગે ? અરે ચાલે જ નહીં ! આવો અધિકારી છુ મને તો તમારે મફતમાં આપવાનુ હોય કહીને નાના વેપારીઓ પાસેથી ફ્રી નો મુદ્દામાલ લઈ જતા આ નાના વેપારીઓને ધંધો કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

શહેરમાં મોટાપાયે ફૂટપાથ ઉપર બેસીને વેપારીઓ પોતાની રોજિરોટી કમાવવા માટે પોતાના જોખમે જ બેસતા હોય છે. સરકારી જમીનો પર કોઈ વ્યવસાયની પરવાનગી વગર વ્યવસાય કરી શકતુ નથી. ત્યારે શહેરમાં બજારોની બહાર ફૂટપાથ ઉપર નાના-નાના ફેરિયાઓ ઘણા સમયથી બેસતા થયા છે અને સસ્તા ભાવે વસ્તુઓનું વેચાણ કરીને થોડુ ઘણું કમાઈ લેતા હોય છે.

શહેરમાં મોટાપાયે ફૂટપાથ ઉપર બેસીને વેપારીઓ પોતાની રોજિરોટી કમાવવા માટે પોતાના જોખમે જ બેસતા હોય છે. સરકારી જમીનો પર કોઈ વ્યવસાયની પરવાનગી વગર વ્યવસાય કરી શકતુ નથી. ત્યારે શહેરમાં બજારોની બહાર ફૂટપાથ ઉપર નાના-નાના ફેરિયાઓ ઘણા સમયથી બેસતા થયા છે અને સસ્તા ભાવે વસ્તુઓનું વેચાણ કરીને થોડું ઘણું કમાઈ લેતા હોય છે.

કહેવાય છે કે નાના માણસોને હેરાનગતિ કરવા માટે ચારેકોરથી કોઈને કોઈ તૈયાર જ હોય. સલામી અને રિસ્પેક્ટ તો માત્ર મોટા સત્તાધારી માણસો ભોગવે. જોકે આમા મોટા માણસોનો વાંક એટલો જ છે કે તેઓ ગરીબોની ગરીબીનો ફાયદો ઉઠાવે છે. પોતાની મહેનતથી રાત-દિવસ ઉજાગરા કરીને નાના વેપારીઓ પોતાના વેપારને વેગ આપવા માટે પ્રયાસ કરતા હોય છે. જેમાં તેઓને ખૂબ અન્યાય થઈ રહ્યો છે તેવી સૂત્રો દ્વારા જાણકારી મળી રહી છે. શહેરના ફૂટપાથ પર બેસતા વેપારીઓ સાથે મફતમાં ચીજવસ્તુઓ પડાવી લેવાની પ્રવૃત્તિઓ વધી રહી છે. અને જો કોઈ વેપારી મનમાની કરે અથવા ચીજવસ્તુ ન આપે તો ફૂલ રોફ જમાવીને દાદાગીરીઓ કરવામાં આવે છે. ફૂટપાથ પર બેસતા વેપારીઓ મફતમાં જ બધાની સેવા કરવા માટે બેઠા હોય તેમ અધિકારીઓ અને અમુક અસામાજિક તત્વો આ વેપારીઓને માનસિક ત્રાસ આપતા થઈ ગયા છે. જેમાં મારામારી અને મારી નાખવા સુધીની ધમકીઓ મળે છે. અંતે વેપારીઓને આવા અસામાજિક તત્વોને ના ના કરતા પણ મફતમાં ચીજવસ્તુઓ આપવાનો વારો આવે છે. પોતાની ગાડીમાં જ બેઠા બેઠા ફૂટપાથ પરના વેપારી પાસેથી ધાક જમાવીને આદેશો કરીને વસ્તુઓ ગાડીમાં મુકાવવામાં આવે છે. તહેવારોમાં તો મોટો મુદ્દામાલ જપ્ત કરી લેવાતો હોય છે. દિવાળી હોય તો અઢળક ફટાકડાઓ ભરીને ગાડીઓ સીધી તેમના ઘરે પહોંચડવાના આદેશો થઈ જતા હોય છે. આમ દરેક તહેવારોમાં નાના વેપારીઓને હેરાનગતિ થાય છે. મોટા મોલ અને દુકાનોમાં આવી હરકતો બનતી નથી અથવા ક્યાંક જ બનતી હોય છે.

કોરોના મહામારીમાં સતત બે વર્ષ વેપારીઓનો ધંધો બંધ થઈ ગયો હતો. જેમાં નાના-મોટા દરેક વેપારી વર્ગને ખોટ થઈ હતી. જે હવે કોરોનાનો હાહાકાર ઘટવાથી માંડ વેપારીઓમાં હાશકારો જોવા મળ્યો છે. કારણ કે દરેક માસમાં કોઈને કોઈ તહેવાર આવે છે જેથી વેપારીઓને પોતાનો ધંધો ફળી રહે છે. જેમાં નાના વેપારીઓ સાથે થતા અત્યાચાર રોકવા માટે દિલથી આખો એક વેપારી વર્ગ ઈચ્છી રહ્યો છે કે આ બાબતે ચોક્કસ કોઈ કાર્યવાહી કરવી જોઈએ. કહેવાય છે કે આશાવાદી ગરીબ નિરાશાવાદી ધનિક કરતા વધારે સુખી હોય છે. જેની પાસે ફક્ત પૈસા જ છે તે મનુષ્ય કરતા વધારે ગરીબ કોઈ નથી. પૈસા હોવા છતા ખીસ્સામાં હાથ ન જાય તો તેવા માણસોએ ખરીદી કરવાનું જ ટાળવુ જોઈએ અને નાના ફેરિયાઓએ પણ જાગૃત થઈને આવા માણસો સામે અવાજ ઉઠાવવો જોઈએ.

સ્વચ્છતા માટે ગાંધીનગરમાં ગમે તેટલી વ્યવસ્થા કરવામાં આવે ગમે તેટલી યોજનાઓ બનાવવામાં આવે પરંતુ શહેરની સફાઈની સમસ્યા દુર થતી નથી. પંડિત દિનદયાળ સર્કલ પાસે મુકવામાં આવેલી કચરાપેટી જાળવણીના અભાવે ભંગાર જેવી સ્થિતિમાં મુકાઈ છે. જેના કારણે વસાહતીઓ આસપાસ જ કચરો નાંખી વધુ ગંદકી ફેલાવે છે.

ગાંધીનગરમાં ઉનાળો આકરો બનવા તરફ દિવસે અંગ દઝાડતી ગરમી

મહત્તમ તાપમાન ૧.૫ ડીગ્રી ઉંચકાયુ આગામી સપ્તાહમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી સુધી પહોંચી જવાની સંભાવના : એકબાજુ ગરમી વધી ત્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ૩ ડીગ્રી ઉંચકાયુ

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો મિજાજ આકરો બની રહ્યો છે. આજે અચાનક જ મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઉંચકાતા ગરમીનો પારો ૩૭ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો નગરજનોએ બપોરના સમયે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગરમીનો મિજાજ આકરો બનતા બપોરના સમયે શહેરના શોપિંગ બજારમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. આગામી સપ્તાહમાં ગરમીનો મિજાજ વધુ આકરો બનશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. આગામી દિવસોમાં ગરમી ૪૦ ડીગ્રી સુધી પહોંચી જશે.

ગાંધીનગરમાં હવે ઉનાળો આકરો બની રહ્યો છે. આજે ગરમીનો પારો એકાએક દોઢ ડીગ્રી ઉપર આવતા દિવસનો તાપ આકરો બન્યો હતો. દિવસે અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. નગરજનો આકરી ગરમીમાં શેકાયા હતા. જો કે રજાનો દિવસ હોવાથી બપોરના સમયે નગરના માર્ગો પર પાંખી અવરજવર જોવા મળી હતી જયારે દિવસે ગરમી વધતા શહેરના શોપિંગ બજારમાં પણ બપોરના સમયે વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. ગરમીનો પારે ઉંચકાવાની સાથે ઠંડી પણ વધી હતી. અલબત્ત લઘુત્તમ તાપમાનમાં ગઈકાલની સાપેક્ષમાં ૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડીગ્રીએ આવી ગયુ હતુ. જેના મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૦ ડીગ્રીનો તફાવત રહ્યો હતો દિવસે આકરી ગરમી બાદ રાત્રિના સમયે વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરી હતી જેના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. એકબાજુ ગરમીનુ જોર વધી રહ્યુ છે. ત્યારે લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રીની આસપાસ જોવા મળતુ હતુ જયારે હવે એકાએક ગરમીનુ જોર વધી ગયુ છે. જયારે ઠંડીનો પારો પણ ૨૦ ડીગ્રીની આસપાસ રહેતો હતો પરંતુ તેમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. જો કે હજુ ગરમીનુ જોર વધશે તેમ મનાઈ રહ્યુ છે. હવામાન નિષ્ણાંતોના મતે આગામી સપ્તાહમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સુધી પહોંચી જશે. હોળી ધુળેટી દરમિયાન પણ આકરી ગરમી અનુભવાશે દિવસની ગરમી અસહ્ય બનતી જાય છે. જયારે અત્યાર સુધી આકરી ઠંડીથી ત્રસ્ત શહેરીજનો ઠંડી જાય તેવી આશ સેવી રહ્યા હતા પરંતુ ઉનાળાની મોસમ થોડી ગતિમાં આવતા જ અત્યારથી જ ગરમી પ્રકોપની ચિંતા નગરજનોને સતાવી રહી છે. આજે સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાતી હતી દિવસે રીતસર અંગ દઝાડતી ગરમી અનુભવતા નગરજનો હવે ગરમીથી બચવા માટે મોં પર રૂમાલ બાંધી ટોપી ચશ્માનો ઉપયોગ કરતા થઈ ગયા છે.

દુ:ખદ અવસાન

વિનાયકરાય એન. વૈશ્રવ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના નિવૃત ટીચર

પલ્લવી વૈશ્રવ, નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર ભૈરવી વૈશ્રવના પિતાશ્રીનું રવિવાર ૧૩ માર્ચ ૨૦૨૨ ના ગાંધીનગર ખાતે ૯૩ વર્ષ ની વયે દુ:ખદ અવસાન થયું છે.

પાટીદાર અગ્રણી નરેશ પટેલે લીધી દિલ્હીની ઉડતી મુલાકાત

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ને લઈને પાટીદાર અગ્રણી નરેશ પટેલને વિવિધ પક્ષો દ્વારા પાર્ટીમાં જોડાવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ બાદ હવે આમ આદમી પાર્ટીએ પણ નરેશ પટેલને પાર્ટીમાં સામેલ થવા આમંત્રણ આપી દીધું છું. આ બધા વચ્ચે નરેશ પટેલે દિલ્હીની ઉડતી મુલાકાત લીધી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ દરમિયાન તેઓ કોંગ્રેસના નેતાઓને મળ્યા હોવાની પણ ચર્ચા છે. બીજી તરફ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, નરેશ પટેલની કોંગ્રેસમાં જોડાવા માટેની પૂર્વભૂમિકા લગભગ તૈયાર હોય તેવું લાગી રહ્યું છે, જેથી હોળી પછી કઈક નવા-જૂની થવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. નરેશ પટેલને કોંગ્રેસમાં લાવવાનુ રાજકારણ તેજ બન્યુ છે. કોંગ્રેસના નેતાઓ નરેશ પટેલને પક્ષમાં લાવવા માંગ કરી રહ્યાં છે. આ દરમિયાન નરેશ પટેલ આજે દિલ્હીમાં સામાજિક પ્રસંગ માટે ગયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યાં તેઓ રાજકીય મુલાકાત કરી શકે છે. બીજી તરફ એવી પણ શક્યતા સેવાઈ રહી છે કે, હોળી પછી નરેશ પટેલ કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ શકે છે. સૂત્રો પાસેથી એવું પણ જાણવા મળ્યું છે કે, કોંગ્રેસ નરેશ પટેલને મોટું પદ પણ આપી શકે છે.

પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

- હિમાલયમાં સાડા ચાર વાગ્યે અજવાળું થવા લાગે છે. રાતના પણ આકાશ કાળું થતું નથી. અહીં ઘનઘોર અંધકાર થતો નથી. - શંકુ આકારનું ચીડ નામનું વૃક્ષ ખૂબ જ આકર્ષક હોય છે. દૂરથી એવું લાગે કે, મોર પીંછા ખોલીને નાચી રહ્યો છે.

- હિમાલયમાં અસંખ્ય દિવ્ય વનસ્પતિઓનો ભંડાર છે. અહીં સફરજનના બગીચા પણ છે. હિમાલયમાં બાર હજાર ફૂટની ઊંચાઈએ બ્રહ્મ કમળ થાય છે. અહીં મોટાભાગની વનસ્પતિઓ શ્રાવણ મહિનામાં પરિપક્વ થાય છે.

- કૈલાસ માનસરોવરમાં થતી જિનલાલ નામની વનસ્પતિ ત્યાંના પત્થરોથી ઘસીને આંખમાં આજવાથી રોગો મટે છે.

- કેદારનાથમાં નાગની ફેણ જેવા ફૂલોવાળા ઘણા છોડ હોય છે.

- હિમાલયના કેટલાક શિવ મંદિરોમાં સરસિયું તેલ ચડાવવામાં આવે છે.

- ગૌમુખ ગંગોત્રીના પ્રદેશમાં જે વનસ્પતિઓ થાય છે તે કેદારની ઘાટીમાં નથી થતી અને જે કેદારમાં થાય છે તે તુંગનાથમાં નથી થતી. દરેક જગ્યાએ જુદી જુદી વનસ્પતિઓ થાય છે.

- ગૌમુખ વિસ્તારમાં ભોજવૃક્ષો મોટા પ્રમાણમાં થાય છે.

- હિમાલયમાં કોઈ કોઈ ઠેકાણે ચામાં દૂધ અને સાકર નાખવામાં નથી આવતી. તેના બદલે ઘી અને મીઠું નાખવામાં આવે છે.

એપ્રિલ ૨૦૧૮માં જૈન મહારાજ સાહેબોએ કરેલી ચારધામની-હિમાલય યાત્રા ખરેખર એક યાદગાર અનુભવ, તેમના માટે બની રહ્યો. એ પછી તેમણે હિમાલય યાત્રાના નામ સાથે તેને પુસ્તક આકાર આપ્યો તે ખરેખર ખૂબ મહત્ત્વનું કાર્ય થયું છે. હિમાલય યાત્રા કરનારા મહારાજ સાહેબોને વંદન.

ગોધૂલિ :

જે હળવું હોય તે જ પ્રવાસ કરી શકે, પછી એ વાદળ હોય કે માણસઃ કાકાસાહેબ કાલેલકર.

વેચાણ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાકડાનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે આગામી તા ૧૬ અને તા ૧૭ ના રોજ સે-૧૭ સ્થિત વનતંત્રના ડેપોમાંથી લાકડાનુ વિતરણ કરવામાં આવશે વનતંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર પ્રતિ ૨૦ કીલો લાકડાનો ભાવ રૂ ૪૦ રહેશે. સામાન્ય રીતે પ્રતિવર્ષ હોળીદહનમાં ૩૦૦ ક્વિન્ડલ લાકડાનુ વેચાણ થતુ હોય છે. હોળી દહન દરમિયાન હોળીમાં કપુર સહીતના પવિત્ર પદર્થો ઉમેરવામાં આવે છે જેના લીધે વૈદિક પધ્ધિત પણ વિશેષ રીતે અપનાવામાં આવી છે. જયારે હોળી દહન દરમિયાન પ્રદુષણ ફેલાવતી અન્ય કોઈ ચીજવસ્તુઓ પણ તેમાં ન ઉમેરાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. ગાંધીનગરમાં પણ સેકટરે સેકટરે હોળીદહનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. સેકટરવાસીઓને સરળતાથી લાકડા ઉપલબ્ધ થાય તે માટે વનતંત્ર દ્વારા આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ચૂંટણીની ટિકિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માનવામાં આવે છે, જે પાછલી ત્રણ ચૂંટણીથી ટીએમસીના હાથમાં રહી છે.

બાલીજંગ બેઠક પરથી ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણીમાં ટીએમસીના સુબ્રત મુખર્જીની જીત થઈ હતી. તમણે ભાજપના લોકનાથ ચેટર્જીને ૭૫,૩૫૯ મતોથી હરાવ્યા હતા. જોકે, ૪ નવેમ્બરે તેમનું હાર્ટ એટેકથી નિધન થઈ ગયું હતું. તેઓ ૭૫ વર્ષના હતા. સુબ્રત મુખર્જીના નિધન બાદ આ બેઠક ખાલી પડી છે અને તેની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. અહીંથી હવે બાબુલ સુપ્રિયોને ટીએમસીએ મેદાનમાં ઉતાર્યા છે. હવે જોવાનું એ રહેશે કે બાબુલ સુપ્રિયો પાર્ટી બદલીને પોતાનો દબદબો યથાવત રાખવામાં સફળ થાય છે કે નહીં. ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે પેટાચૂંટણી માટે ૧૭ માર્ચે નોટિફિકેશન જારી કરવામાં આવશે. ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ ૨૪ માર્ચ છે જ્યારે ૨૫ માર્ચે ઉમેદવારી પત્રોની સ્ક્રૂટની કરવામાં આવશે. ૨૮ માર્ચે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ હશે. મતદાન ૧૨ એપ્રિલના રોજ યોજાશે અને ૧૬ એપ્રિલે પરિણામ જાહેરા કરવામાં આવશે.

તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાવવાની કોશિશ કરી હતી. બેનેટે પુતિનની સાથે બેઠક માટે મોસ્કોની મુલાકાત કરી અને ઝેલેન્સકી, ફ્રાંસ અને જર્મનીના નેતાઓની સાથે ઘણી વખત વાતચીત કરી. એક વર્ષથી ઓછા સમયથી ઈઝરાયેલની કમાન સંભાળી રહેલા બેનેટ વિશ્વ મંચ પર વ્યાપક રીતે પરખાયા નથી. તેમણે રશિયા અને યુક્રેનની વચ્ચે ઈઝરાયલને એક અસ્વસ્થ સ્થિતિમાં મૂક્યું છે અને કૂટનીતિક કોશિશોની ભૂમિકા નિભાવવાની સંભાવના બનાવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, આજે રશિયા મીડિયાએ પણ દાવો કર્યો છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી દરેક મુદ્દા પર વાતચીત કરવા તૈયાર છે. અગાઉ ૩ વખત વાતચીત થઈ ચૂકી છે, એવામાં રશિયાના આ દાવાને સકારાત્મક રીતે લેવામાં આવી રહ્યો છે. તેના સિવાય ઝેલેન્સકીએ જણાવ્યું કે મેલિટોપોલથી અપહરણ કરાયેલા મેયર હજુ જીવિત છે. અપહરણ કર્યા પછી તેમને વિતાડવામાં આવી રહ્યા છે. ઝેલેન્સકીએ તેમને છોડવાની અપીલ કરી છે.

દૂતાવાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મંત્રી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સહિત અન્ય ઘણા મોટા મંત્રીઓ અને અધિકારીઓએ ભાગ લીધો હતો. પીએમ મોદીએ બેઠકમાં ભારતની સુરક્ષા તૈયારીઓની તેમજ યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધથી બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

રશિયા યુક્રેન પર સતત હુમલો કરી રહ્યું છે. હવે રશિયા પશ્ચિમી પ્રદેશોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તમામ પ્રતિબંધો છતાં રશિયા પોતાની શરતો પર અડગ રહ્યું છે, જ્યારે યુક્રેન રશિયા સામે ઝૂકવાને બદલે તેના હુમલાનો સતત જવાબ આપી રહ્યું છે. યુક્રેનમાં બગડતી સુરક્ષા સ્થિતિને ટાંકીને ભારત સરકારે રવિવારે યુક્રેનની એમ્બેસીને પોલેન્ડમાં શિફ્ટ કરવાનો નિર્ણય લીધો છે.

તમને જણાવી દઈએ કે યુક્રેનના લગભગ દરેક ક્ષેત્રમાં હવાઈ હુમલાની ચેતવણી આપવામાં આવી છે. અહીં હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે. યુક્રેનના ઉમાન, ખાર્કીવ, ક્રેમાટોર્સ્ક, સ્લોવિઆન્સ્ક, વિનિત્શિયા, કિવ, પોલ્ટાવા, ઝાયટોમીર, ખ્મેલનીત્સ્કી, લ્વીવ, ઓડેસા, વોલીન, ઝાપોરિઝ્ઝ્યા, બેરેઝિવકા, ઈઝમેલ, કિલિયા, યુઝ્ને, ચેર્નોમોર્સ્ક અને બેલીવકાવમાં સાયરન્સ સક્રિય કરવામાં આવ્યા છે. તેમજ કિવ, રિવને, ચેર્નિહિવ, ટેર્નોપિલ, ડીનિપ્રો, ચેર્કસી અને સુમી ઓબ્લાસ્ટના લોકોને તાત્કાલિક મેટ્રો શેલ્ટરમાં જવા માટે કહેવામાં આવ્યું છે.

રશિયા-યુક્રેન યુદ્ધનો આજે ૧૮મો દિવસ છે. યુક્રેનનો દાવો છે કે તેણે ખેરસનમાં બે રશિયન હેલિકોપ્ટરને તોડી પાડ્યા છે. રશિયાએ યુક્રેનના કિવ ઓબ્લાસ્ટ પર સતત બોમ્બમારો કર્યો હતો. આ સાથે જ રશિયન સૈનિકોએ કિવમાં ગ્રીન કોરિડોરમાંથી બચાવામાં આવી રહેલી મહિલાઓ અને બાળકો પર ગોળીબાર કર્યો હતો, જેમાં એક બાળક સહિત ૭ લોકોના મોત થયા હતા. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ શુક્રવારે રશિયા પર મેલિટોપોલ શહેરના મેયરનું અપહરણ કરવાનો આરોપ મૂક્યો હતો અને તેની તુલના "જૈંજી આતંકવાદીઓ" ના કાર્યો સાથે કરી હતી. ઝેલેન્સકીએ કહ્યું "તેઓ આતંકના નવા તબક્કામાં પ્રવેશ્યા છે, જેમાં તેઓ યુક્રેનના કાયદેસર સ્થાનિક વહીવટના પ્રતિનિધિઓને નષ્ટ કરવા, નુકસાન પહોંચાડવા અને નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે,"